# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/347 Dt. 05/03/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## નકસલ પ્રભાવિત વિસ્તારોમાંથી આવેલા ૨૫૦થી વધુ યુવાનોની ચેમ્બર ઓફ કોમર્સ ખાતે મુલાકાત, સુરતના વિકાસ અને સમૃદ્ધિથી યુવાનો થયા પ્રભાવિત

**સુરતઃ** ભારત સરકારના યુવા વિકાસ કાર્યક્રમ અંતર્ગત મધ્યપ્રદેશ, ઝારખંડ, મહારાષ્ટ્ર અને છત્તીસગઢના નકસલ પ્રભાવિત વિસ્તારોમાંથી આવેલા ૨૫૦થી વધુ યુવાનોએ તાજેતરમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી. સીઆરપીએફ, સુરત પોલીસ તેમજ કાર્યક્રમ સાથે સંકળાયેલા અધિકારીઓના માર્ગદર્શન અને સહયોગથી આ યુવાનો સુરતની છ દિવસીય અભ્યાસ મુલાકાતે આવ્યા હતા.

આ યુવાનોમાંથી ઘણા એવા હતા જેમણે જીવનમાં પહેલી વખત ટ્રેનમાં સેકન્ડ કલાસમાં મુસાફરી કરવાનો અનુભવ કર્યો હતો. મોટાભાગના યુવાનોએ કયારેય વિમાનમાં મુસાફરી કરી નથી અને કેટલાક તો પહેલી વખત કારમાં બેઠા હતા. શાળાકીય જીવન દરમિયાન અનેક કિલોમીટર સુધી પગપાળા જઈને તેમણે પોતાનું શિક્ષણ આગળ વધાર્યું છે, તેથી જીવનમાં સુખ સુવિધાઓનો અનુભવ તેમના માટે ખૂબ જ મર્યાદિત રહ્યો છે.

ચેમ્બર ઓફ કોમર્સની મુલાકાત દરમિયાન ચેમ્બરની આધુનિક સુવિધાઓ, એક્ઝિબિશન સેન્ટર અને સેમિનાર હોલમાં ઉપલબ્ધ એરકન્ડીશન્ડ વ્યવસ્થાઓ જોઈને તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. 'એક્ઝિબિશન' જેવી પ્રવૃત્તિ શું હોય છે અને આવા કાર્યક્રમો કેવી રીતે યોજાતા હોય છે તેનો અનુભવ તેમણે પ્રથમ વખત કર્યો હતો. સુરત શહેરની સ્વચ્છતા, સુવ્યવસ્થા અને વિકાસ જોઈને પણ તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા.

નકસલવાદ અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં કેટલાક યુવાનોએ જણાવ્યું હતું કે તેમના વડીલોને નકસલવાદનો સીધો અનુભવ રહ્યો છે અને તેઓને પણ થોડાક અંશે તેની યાદ છે. જો કે, હાલ પરિસ્થિતિમાં ઝડપી સુધારો થઈ રહ્યો છે અને હવે તેઓ પણ શિક્ષણ અને મહેનત દ્વારા જીવનમાં આગળ વધીને પ્રગતિ કરી શકશે તેવો આશાવાદ તેમના મનમાં જન્મ્યો છે.

સુરતની મુલાકાત અને અહીંના લોકો સાથે થયેલા સંવાદથી યુવાનોના મનમાં જીવન પ્રત્યે નવી આશા અને પ્રેરણાનો સંચાર થયો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેનો શ્રી મનિષ કાપડિયા અને શ્રી પરેશ લાઠિયાના સહકારથી આ યુવાનોને ચેમ્બર ઓફ કોમર્સની મુલાકાત લેવાની તક મળી હતી.